સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK **01** (02/01/22 to 08/01/22)

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલાર્ક, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

ગુજરાતનો ઇતિહાસ

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

ફ્રી બુક લેટ 1700+ MCQ નો સમાવેશ

- ગુજરાતનો ઇતિહાસ વિષયમાં સંભવિત તમામ પરીક્ષાલક્ષી વિગતોને પદ્ધતિસર આવરી લેતું પુસ્તક
- પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક ગુજરાતમાં વિભાગને અંતે Most IMP Topic અલગ ચેપ્ટર સ્વરૂપે
- યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, GCERT તથા NCERTના ઇતિહાસના પુસ્તકોના વિશેષ સંદર્ભનો નિચોડ
- ઇતિહાસની તમામ ઘટનાઓને ક્રમબદ્ધ રીતે આલેખવામાં આવેલું પુસ્તક




આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**02 JAN-2022**

- Border Infrastructure Projects ........ 02
- 32 વર્ષની સેવા બાદ INS ખુકરીને સેવાનિવૃત્ત કરવામાં આવ્યું ........ 03
- QUESTION ANSWERS ........ 04

**03 JAN-2022**

- પઢે ભારત અભિયાન (Padhe Bharat Campaign) ........ 05
- વન નેશન - વન ગ્રીડ - વન ફ્રીકવન્સી ........ 05
- QUESTION ANSWERS ........ 07

**04 JAN-2022**

- દિવસ મહિમા : 4 જાન્યુઆરી, વિશ્વ બ્રેઈલ દિન ........ 08
- પેંગોંગ તળાવ પર ચીનની બાંધકામ પ્રવૃત્તિઓ ........ 08
- સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) ........ 09
- QUESTION ANSWERS ........ 10

**05 JAN-2022**

- મહારાજા બીર બિક્રમ એરપોર્ટ : ત્રિપુરા ........ 11
- કોવિડ-19 નો નવો પ્રકાર : IHU ........ 12
- National Education Alliance For Technology (NEAT) 3.0 ........ 12
- QUESTION ANSWERS ........ 13

**06 JAN-2022**

- કર્ણાટકનું પ્રથમ LNG ટર્મિનલ ........ 14
- ICMRએ કોવિડ માટે Omisure કીટને મંજૂરી આપી ........ 14
- QUESTION ANSWERS ........ 15

**07 JAN-2022**

- ખેલો ઈન્ડિયા ગેમ્સ 2023નું આયોજન મધ્યપ્રદેશમાં કરવામાં આવશે ........ 16
- કર્ણાટકમાં કોપ્પલ ટોય ક્લસ્ટર (KOPPAL) Toy Cluster) બનાવવામાં આવશે ........ 16
- બ્રાન્ડ ઈન્ડિયા અભિયાન (Brand India Campaign) ........ 17
- QUESTION ANSWERS ........ 18

**08 JAN-2022**

- દિવસ મહિમા : 8 જાન્યુઆરી, વિશ્વ ટાઈપિંગ દિવસ ........ 19
- રાષ્ટ્રીય જળ પુરસ્કાર ........ 19
- ભારત અને નેપાળ વચ્ચે નવો પુલ ........ 19
- QUESTION ANSWERS ........ 20

**ONE LINER** ........ 21

**QUESTION OF THIS WEEK** ........ 25


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## Border Infrastructure Projects



તાજેતરમાં ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે 24 પુલ અને ત્રણ રસ્તાઓનું વર્ચ્યુઅલ રીતે ઉદ્દઘાટન કર્યુ હતું.

- જે 'બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન' (BRO) દ્વારા બનાવવામાં આવ્યા છે.
- આ પુલ અને રસ્તાઓ ભારતના ચાર રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં બનાવવામાં આવ્યા છે.
- ઉદ્દઘાટન દરમિયાન 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગરૂપે 75 સ્થળ પર 'BRO Cafe' સ્થાપિત કરવાની ઘોષણા કરવામાં આવી હતી.

### આ પુલ અને રસ્તા શા માટે બનાવવામાં આવ્યા ?

આ પુલ અને રસ્તાઓ ચીન અને પાકિસ્તાન સાથેની ભારતની સરહદો નજીક સૈનિકોની ઝડપી અવરજવર સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્ય સાથે બનાવવામાં આવ્યા હતા.

- આ પ્રોજેક્ટ્સ આ પ્રદેશમાં પર્યટનને પ્રોત્સાહન આપવાની સાથે સામાજિક–આર્થિક વિકાસને સુનિશ્ચિત કરશે.

### પુલ અને રસ્તાઓનું સ્થાન

24 બ્રિજમાંથી 9 જમ્મુ અને કાશ્મીરમાં, 5 લદ્દાખમાં, 5 હિમાચલ પ્રદેશમાં, 3 ઉત્તરાખંડમાં, 1 સિક્કિમમાં અને 1 અરૂણાચલ પ્રદેશમાં બનાવવામાં આવ્યા છે.

- જ્યારે 3 રસ્તાઓમાંથી 2 લદ્દાખમાં છે અને 1 પશ્ચિમ બંગાળમાં છે.

### ડબલ લેન મોડ્યુલર બ્રિજ

ઉદ્દઘાટન કરાયેલા તમામ બ્રિજમાં સૌથી મહત્ત્વનો ભારતનો પ્રથમ સ્વદેશી વર્ગનો 70 140 ફૂટનો ડબલ–લેન મોડ્યુલર બ્રિજ હતો.

- તે સિક્કિમના ફ્લેગ હિલ ડોકલામાં 11,000 ફૂટની ઊંચાઈ પર બનેલ છે.
- લદ્દાખમાં ઉમલિંગ લા પાસ ખાતે ચિસુમલે ડેમચોક રોડનું ઉદ્દઘાટન પણ 19,000 ફૂટની વધુ ઊંચાઈએ નોંધપાત્ર છે. આ રોડ વિશ્વનો સૌથી ઊંચો મોટરેબલ રોડ છે. આ રોડ લેહથી ડેમચોક સુધીનો વૈકલ્પિક માર્ગ પ્રદાન કરશે.
- ફ્લેગ હિલ–ડોકલા રોડ ખોલવાથી ભારતીય સૈનિકોને ડોકલામ પઠાર પાસેના ડોકલા વિસ્તારમાં પહોંચવા માટેનો મુસાફરી સમય ઘટશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 32 વર્ષની સેવા બાદ INS ખુકરીને સેવાનિવૃત્ત કરવામાં આવ્યું

તાજેતરમાં વિશાખાપટ્ટનમ ખાતે 32 વર્ષની સેવા પછી ભારતની પ્રથમ સ્વદેશી નિર્મિત મિસાઈલ કાર્વેટ, INS ખુકરી (P49)ને સેવાનિવૃત્ત કરવામાં આવ્યું છે.

- ડિકમિશનિંગ સમારોહ દરમિયાન રાષ્ટ્રધ્વજ, ડિકમિશનિંગ પેનન્ટ અને નૌકાદળના ઝંડાને સૂર્યાસ્ત સમયે નીચે ઉતારવામાં આવ્યા હતા.
- INS ખુકરીનું નિર્માણ મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ દ્વારા 23 ઓગસ્ટ, 1989ના રોજ કરવામાં આવ્યું હતું.
- INS ખુકરી પશ્ચિમી અને પૂર્વીય કાફલાનો ભાગ બનવાની વિશિષ્ટતા હતું.
- તેણે કુલ 6,44,897 નોટિકલ માઈલનું અંતર કાપ્યું હતું.
- આ જહાંજ ભારતીય સેનાની ગોરખા બ્રિગેડ સાથે જોડાયેલું હતું.

### INS ખુકરી (P49)

INS ખુકરી (P49) નું નામ INS ખુકરી (F149) પરથી રાખવામાં આવ્યું હતું.

### INS ખુકરી (F149) વિશે

INS ખુકરી (F149) એ એક પ્રકાર 14 (બ્લેકવુડ–ક્લાસ) ફ્રિગેટ હતું. જે પહેલાં ભારતીય નૌકાદળમાં સેવા આપતું હતું.

- 1971ના ભારત–પાકિસ્તાન યુદ્ધ દરમિયાન પાકિસ્તાનની ડેફને–ક્લાસ સબમરીન હેંગોર દ્વારા ડિસેમ્બર 1971માં ગુજરાતના દરિયાકાંઠે (દીવ) આ જહાંજને ડુબાડવામાં આવ્યું હતું.
- INS ખુકરી એ બીજા વિશ્વ યુદ્ધ પછી સબમરીન દ્વારા ડૂબેલું પ્રથમ યુદ્ધ જહાંજ હતું.
- તે ભારતીય નૌકાદળનું એકમાત્ર યુદ્ધ જહાજ છે જે અત્યાર સુધીમાં હારી ગયું છે.



1. તાજેતરમાં શ્રી રાજનાથ સિંહે 24 પુલ અને ત્રણ રસ્તાઓનું વર્ચ્યુઅલ રીતે ઉદ્દઘાટન કર્યુ હતું. જે............ દ્વારા બનાવવામાં આવ્યા છે.

(A) બોર્ડર રેન્જિંગ એન્ડ ઓર્ગેનાઈઝેશન (BRAO)

(B) બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (BRO)

(C) બોર્ડ સિક્યુરેટી એન્ડ એર ઓર્ગેનાઈઝેશન (BSO)

(D) એક પણ નહીં (B)

---

2. તાજતેરમાં BRO દ્વારા નિર્મિત 24 પુલ અને રસ્તાઓનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. આ ઉદ્દઘાટન દરમિયાન કેટલા સ્થળ પર 'BRO Cafe' સ્થાપિત કરવાની ઘોષણા કરવામાં આવી હતી ?

(A) 75 (B) 80 (C) 85 (D) 95 (A)

---

3. કેટલા વર્ષની સેવા બાદ INS ખુકરી (P49)ને સેવા નિવૃત્ત કરવામાં આવ્યું છે ?

(A) 32 (B) 51 (C) 41 (D) 63 (A)

---

4. INS ખુકરી (P49)નું નામ કયા જહાજ પરથી રાખવામાં આવ્યું હતું ?

(A) INS ખુકરી (349) (B) INS ખુકરી (249)

(C) INS ખુકરી (IN-51) (D) INS ખુકરી (F149) (D)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પઢે ભારત અભિયાન (Padhe Bharat Campaign)

1 જાન્યુઆરી 2022ના રોજ કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને 'પઢે ભારત અભિયાન' (Padhe Bharat Campaign) નામનું 100 દિવસનું વાંચન અભિયાન શરૂ કર્યું હતું.

- આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશય વિદ્યાર્થીઓના શિક્ષણ સ્તરને સુધારવાનો છે.
- શિક્ષણના સ્તરને સુધારવા માટે તે એક મહત્વપૂર્ણ પગલું છે કારણ કે તે સર્જનાત્મકતા, વિવેચનાત્મક વિચારસરણી, શબ્દ ભંડોળ તેમજ લેખિત અને મૌખિક સ્વરૂપમાં અભિવ્યક્ત કરવાની ક્ષમતા વિકસાવે છે.
- તે બાળકોને તેમના પોતાના સંજોગો અને વાસ્તવિક જીવનની વાસ્તવિકતા સમજવામાં મદદ કરશે.

### આ અભિયાન હેઠળ કયા બાળકોને આવરી લેવામાં આવશે ?

બાલ વાટિકાના સ્તરથી ધોરણ 8 સુધીના બાળકોને આ અભિયાન સાથે જોડવામાં આવશે.

### આ અભિયાન કયાં સુધી ચાલશે ?

'પઢે ભારત અભિયાન 1 જાન્યુઆરી, 2022ના રોજ શરૂ કરવામાં આવ્યું હતું.

- તે 100 દિવસ અથવા 14 અઠવાડિયા માટે હાથ ધરવામાં આવશે. જે 14 એપ્રિલ, 2022ના રોજ પૂર્ણ થશે.

### અભિયાનનો ઉદ્દેશ્ય

બાળકો, શૈક્ષણિક સંચાલકો, માતા–પિતા, સમુદાય વગેરે સહિત રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે તમામ હિતધારકોને સામેલ કરવાના ઉદ્દેશ્ય સાથે આ અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી.

- આ વાંચન અભિયાન 'મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાતા મિશન'ના લક્ષ્યો અને વિઝન સાથે પણ જોડાયેલુ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વન નેશન - વન ગ્રીડ - વન ફ્રીકવન્સી

તાજેતરમાં પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (PGCIL) એ 'વન નેશન–વન ગ્રીડ–વન ફ્રીકવન્સી' એટલે કે નેશનલ ગ્રીડના સંચાલનની વર્ષગાંઠની ઉજવણી કરી હતી.

- PGCIL આ ઉજવણી આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે કરી હતી.
- આ પ્રસંગે 70 સ્થળોએ વિનામૂલ્યે આરોગ્ય તપાસ અને મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ભારતમાં નેશનલ ગ્રીડનો ઈતિહાસ

ભારતમાં પ્રાદેશિક ધોરણે રાષ્ટ્રીય ગ્રીડ સંચાલનની શરૂઆત 60ના દાયકામાં થઈ હતી.

- શરૂઆતમાં પ્રાદેશિક ગ્રીડ બનાવવા માટે ગ્રીડ એકબીજા સાથે જોડાયેલા હતા.

- ત્યારબાદ ગ્રીડના આધારે ભારતને 5 પ્રદેશોમાં વિભાજિત કરવામાં આવ્યું હતું જે આ મુજબ છે :

  (1) ઉત્તરીય ગ્રીડ

  (2) પૂર્વીય ગ્રીડ

  (3) પશ્ચિમ ગ્રીડ

  (4) ઉત્તર પૂર્વ ગ્રીડ

  (5) દક્ષિણ પ્રદેશ

- ઓક્ટોબર, 1991માં ઉત્તરપૂર્વ અને પૂર્વીય ગ્રીડને જોડવામાં આવ્યા હતા.
- આ સિવાય પશ્ચિમ અને ઉત્તર પૂર્વીય ગ્રીડ માર્ચ 2003માં એકબીજા સાથે જોડવામાં આવ્યા હતા.
- ઓગસ્ટ 2006માં ઉત્તર અને પૂર્વ ગ્રીડને એકબીજા સાથે જોડવામાં આવ્યા હતા.
- આમ 4 પ્રાદેશિક ગ્રીડ ઉત્તરી, પૂર્વીય, પશ્ચિમી અને ઉત્તર પૂર્વીય ગ્રીડ સમાન આવર્તન પર કાર્યરત કેન્દ્રીય ગ્રીડ બનાવવા માટે એકબીજા સાથે જોડાયેલા હતા.
- વર્ષ 2013માં 765KV રાયપુર–સોલાપુર ટ્રાન્સમિશન લાઈનના કમિશનિંગ સાથે દક્ષિણ પ્રદેશ કેન્દ્રીય ગ્રીડ સાથે જોડવામાં આવ્યો હતો.
- આ સાથે 'વન નેશન–વન ગ્રીડ–વન ફ્રીક્વન્સી'નો ઉદ્દેશ્ય સિદ્ધ થયો હતો.

## ફ્રીક્વન્સીનું મહત્વ

સતત પાવર ફ્રીક્વન્સી જાળવવી મહત્વપૂર્ણ છે કારણ કે ઘણી ફ્રીક્વન્સી સાધનોને નુકસાન પહોંચાડયા વિના એકબીજા સાથે કામ કરી શકતા નથી.

- રાષ્ટ્રીય સ્તરે વીજળી ઉપલબ્ધ કરાવતી વખતે તેની ગંભીર અસરો થાય છે.

## રાષ્ટ્રીય ગ્રીડ ક્ષમતા

દેશમાં હાલમાં લગભગ 1,12,250 મેગાવોટની કુલ આંતર–પ્રાદેશિક ટ્રાન્સમિશન ક્ષમતા છે.

- જે વર્ષ 2022 સુધીમાં વધીને લગભગ 1,18,740 મેગાવોટ થવાની ધારણા છે.

નોંધ : (1) પાવર ગ્રીડ એ ભારતીય વૈધાનિક નિગમ છે, જે ઊર્જા મંત્રાલય હેઠળ કામ કરે છે.

(2) તેનું મુખ્યાલય ગુરુગ્રામમાં સ્થિત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**1.** 1 જાન્યુઆરી 2022ના રોજ કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને 'પઢે ભારત અભિયાન' (Padhe Bharat Campaign) નામનું કેટલા દિવસનું વાંચન અભિયાન શરૂ કર્યુ છે ?

(A) 200 (B) 100 (C) 50 (D) 30 **(B)**

**2.** તાજેતરમાં 'પઢે ભારત અભિયાન' નામનું 100 દિવસનું વાંચન અભિયાન ચાલુ કરવામાં આવ્યું હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓના શિક્ષણ સ્તરને સુધારવાનો છે.
2. બાલ વાટિકાના સ્તરથી ધોરણ 8 સુધીના બાળકોને આ અભિયાન સાથે જોડવામાં આવશે.
3. આ અભિયાન 1 જાન્યુઆરી 2022થી 1 જાન્યુઆરી 2023 સુધી હાથ ધરવામાં આવશે.
4. આ અભિયાન ભારત સરકારના ટેકનોલોજી મંત્રાલય, આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય તથા શિક્ષણ મંત્રાલયની સંયુક્ત પહેલ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 2, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 1 અને 4 (D) ફક્ત 1 અને 2 **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**3.** તાજેતરમાં કોણે 'વન નેશન –વન ગ્રીડ – વન ફ્રીકવન્સી' એટલે કે નેશનલ ગ્રીડના સંચાલનની વર્ષગાંઠની ઉજવણી કરી હતી ?

(A) ભારત પાવર કોર્પોરેશન લિમિટેડ (BPCL)

(B) પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (PGCIL)

(C) ભારતીય ઊર્જા વિભાગ અને ટેકનોલોજી મંત્રાલય

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(B)**

**4.** પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (PGCIL)નું મુખ્યાલય કયાં આવેલું છે ?

(A) ગુરુગ્રામ (B) બેંગ્લોર

(C) પટના (D) ચેન્નાઈ **(A)**

## દિવસ મહિમા : 4 જાન્યુઆરી, વિશ્વ બ્રેઈલ દિન



સમગ્ર વિશ્વમાં દર વર્ષે 4 જાન્યુઆરીના રોજ 'આંતરરાષ્ટ્રીય બ્રેઈલ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ 2019થી થયો છે.
- બ્રેઈલ લિપીના જનક શ્રી લુઈસ બ્રેઈલની યાદમાં તેમનો જન્મ દિન 4 જાન્યુઆરી 'આંતરરાષ્ટ્રીય બ્રેઈલ દિન' તરીકે ઉજવાય છે.
- અંધજનો પણ આંગળીના સ્પર્શથી વાંચી શકે તે માટે શ્રી લુઈસ બ્રેઈલે આ બ્રેઈલ લિપીની શોધ કરી હતી.
- લુઈસ બ્રેઈલનો જન્મ 4 જાન્યુઆરી, 1809ના રોજ ફ્રાન્સના એક ગામમાં થયો હતો અને ખુબ જ નાની ઉંમરે એક અકસ્માતમાં તેણે પોતાની આંખોની રોશની ગુમાવી હતી.
- ત્યારબાદ તેમણે 15 વર્ષની ઉંમરે બ્રેઈલ લિપીની શોધ કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## પેંગોંગ તળાવ પર ચીનની બાંધકામ પ્રવૃત્તિઓ

તાજેતરમાં એવું જાણવા મળ્યું છે કે ચીન પેંગોંગ તળાવના ઉત્તરી અને દક્ષિણ કિનારાને જોડતો પુલ બનાવી રહ્યું છે.

- આ બ્રિજનું નિર્માણ ચીનની બાજુએ થઈ રહ્યું છે. જો કે તે વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC)થી 25-30 કિમી દૂર છે.

### પૃષ્ઠભૂમિ

મે 2020માં લશ્કરી ગતિરોધની શરૂઆત થઈ ત્યારથી ભારત અને ચીને માત્ર હાલના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુધારવા માટે કામ કર્યુ નથી પરંતુ સમગ્ર સરહદ પર ઘણા નવા રસ્તાઓ, પુલ, લેન્ડિંગ સ્ટ્રીપ્સ પણ બનાવ્યા છે.

- ઓગસ્ટ 2020ના અંતમાં ભારતે પેંગોંગ ત્સો તળાવના દક્ષિણ કિનારે કૈલાસ પર્વતમાળાની અગાઉ ખાલી રહેલી ઊંચાઈઓ પર કબજો કરીને ચીનને પાછળ છોડી દીધું હતું.
- ભારતીય સૈનિકો ત્યાં મગર હિલ, રેજાંગ હિલ, રેજાંગ લા, રેચિન લા સહિતના શિખરો પર તૈનાત હતા.
- કડક શિયાળાના મહિનાઓમાં બંને દેશોના સૈનિકો આ ઊંચાઈઓ પર રહ્યા હતા, જેણે ચીનને વાટાઘાટો કરવાની ફરજ પાડી હતી.
- બંને દેશો તળાવના ઉત્તરી કિનારે અને પેંગોંગ ત્સોની દક્ષિણે આવેલા ચુશુલ પેટા પ્રદેશમાં કૈલાસ પર્વતમાળા પરની સ્થિતિથી ખસી જવા સમંત થયા હતા.

## ચીન માટે પુલનું મહત્ત્વ

આ પુલનું નિર્માણ ચીન માટે મહત્વપૂર્ણ છે કારણ કે આ પુલ ઝડપથી ઈન્ડકશન સુવિધા (Quick induction) આપશે. કારણ કે તે પેંગોંગ તળાવ પરના વિવાદિત વિસ્તારોમાં પહોંચવામાં લાગતું અંતર અને સમય ઘટાડશે.

- આ પુલ બંને બાજુઓને જોડશે અને આ રીતે ચીની સેનાને કોઈપણ ખતરાનો સામનો કરવા માટે બંને બાજુએથી આસાનીથી પ્રવેશ મળશે.

નોંધ : (1) 1 જાન્યુઆરી 2021ના રોજ ચીને તેનો નવો સરહદી કાયદો લાગુ કર્યો હતો. નવા કાયદામાં સરહદ સંરક્ષણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સરહદોની નજીકના ગામોના વિકાસને મજબૂત બનાવવા માટે કહેવામાં આવ્યું છે.

(2) 135 કિ.મી. લાંબી પેંગોંગ ત્સો એ એન્ડોરહેઈક તળાવ છે, જેમાંથી બે તૃતીયાંશ કરતા વધુ ચીનના નિયંત્રણ હેઠળ છે.

## સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO)

1 જાન્યુઆરી, 2022ના રોજ DRDOએ તેમના 64માં સ્થાપના દિવસની ઉજવણી કરી હતી.

### DRDO

DRDOનું પૂરું નામ 'Defence Research and Developement Organization' છે.

- તેની સ્થાપના વર્ષ 1958ના રોજ થઈ હતી.
- તેનું વડુંમથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
- તેનો મોટો (ધ્યેય વાક્ય) 'બલસ્ય મૂલં વિજ્ઞાનમ' છે.
- DRDO એ ભારતમાં સંરક્ષણ સંબંધિત સંશોધન માટેની એક અગ્રણી સંસ્થા છે.
- તે ભારતના સંરક્ષણ મંત્રાલયના એક અભિન્ન અંગ તરીકે કાર્ય કરે છે ?

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. આંતરરાષ્ટ્રીય બ્રેઈલ દિવસ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 જાન્યુઆરી (B) 2 જાન્યુઆરી

(C) 3 જાન્યુઆરી (D) 4 જાન્યુઆરી (D)

2. નીચેના પૈકી કોણે અંધજનો વાંચી શકે તેવી લિપી તૈયાર કરી હતી ?

(A) બ્રેઈલ લુઈસ (B) એડિસન (C) એલેકઝાન્ડર (D) આઈઝેક પીટમેન (A)

3. તાજેતરમાં જાણવા મળેલ એક સમાચાર મુજબ ચીન કયા તળાવના ઉત્તરી અને દક્ષિણ કિનારાને જોડતો પુલ બનાવી રહ્યું છે ?

(A) પેંગોંગ (B) સિંગોંગ

(C) ત્સોંગોંગ (D) મ્સીંગોંગ (A)

4. 2 જાન્યુઆરી, 2022ના રોજ DRDOએ તેમના કેટલામાં સ્થાપના દિવસની ઉજવણી કરી હતી ?

(A) 62મા (B) 63મા

(C) 64મા (D) 65મા (C)

5. DRDOની સ્થાપના કયા વર્ષે થઈ હતી ?

(A) 1954 (B) 1958

(C) 1962 (D) 1964 (B)

6. 'બલસ્ય મૂલં વિજ્ઞાનમ' કઈ સંસ્થાનું ધ્યેય વાક્ય છે ?

(A) ISRO (B) DRDO

(C) HPCL (D) NPCL (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મહારાજા બીર બિક્રમ એરપોર્ટ : ત્રિપુરા

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ત્રિપુરાના 'મહારાજ બીર બિક્રમ (MBB) એરપોર્ટ'ના નવા એકીકૃત ટર્મિનલ ભવનનું ઉદ્દઘાટન કર્યું હતું.

- આ ઉપરાંત મુખ્યમંત્રી ત્રિપુરા ગ્રામ સમૃદ્ધિ યોજના અને વિદ્યાજ્યોતિ શાળાઓનું પ્રોજેક્ટ મિશન 100 જેવી મોટી પહેલો શરૂ કરી હતી.

### મહારાજા બીર બિક્રમ એરપોર્ટ વિશે

આ નવા ટર્મિનલના ઉદ્દઘાટનને બાંગ્લાદેશ સાથે રાજ્યની નિકટતા અને દક્ષિણ પૂર્વ એશિયાના દેશોમાં પ્રવેશને કારણે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તરીકે કાર્યરત થવાનું પ્રથમ પગલું છે.

- ઉનાકોટી ટેકરીઓમાંથી સ્થાનિક આદિવાસી પથ્થરની શિલ્પો અને સ્થાનિક વાંસની હસ્તકલાનો ભવનના આંતરિક ભાગમાં વ્યાપકપણે ઉપયોગ કરવામાં આવ્યો છે.
- મહારાજા બીર બિક્રમ એરપોર્ટ મૂળરૂપે યુએસ એરફોર્સ દ્વારા બીજા વિશ્વયુદ્ધ દરમિયાન તત્કાલીન રજવાડાના રાજા બીર બિક્રમ કિશોર માણિક્ય દેબબરમનના સહયોગથી બનાવવામાં આવ્યું હતું.
- આ એરપોર્ટ પહેલા અગરતલા એરપોર્ટ તરીકે ઓળખાતું હતું જેનું વર્ષ 2018માં નામ બદલવામાં આવ્યું હતું.

### બીર બિક્રમ કિશોર દેબબરમન

માણિક્ય વંશના મહારાજા કર્નલ બીર બિક્રમ કિશોર માણિક્ય દેબબરમન બહાદુર (1908-1947)ને ત્રિપુરાના અગ્રણી રાજા તરીકે ગણવામાં આવે છે.

- તેઓ ઓગસ્ટ, 1923માં તેમના પિતા બિરેન્દ્ર કિશોર માણિક્ય દેબબરમનના અનુગામી બન્યા હતા.
- તેઓ વર્ષ 1947 સુધી ત્રિપુરા રાજ્યના રાજા હતા.
- તેમણે ત્રિપુરાના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.
- તેમને ત્રિપુરામાં આધુનિક સ્થાપત્યના પિતા તરીકે ઓળખવામાં આવે છે.
- હાલના ત્રિપુરાના સમગ્ર આયોજનની શરૂઆત તેમના શાસન દરમિયાન કરવામાં આવી હતી.
- તેઓ જમીન સુધારણાના પ્રણેતા હતા. વર્ષ 1939માં તેમણે ત્રિપુરાના આદિવાસીઓ માટે જમીન આરક્ષિત કરી હતી. આ પગલાએ પાછળથી ત્રિપુરા સવાયત્ત જિલ્લા પરિષદની રચનામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.
- તેમણે ત્રિપુરા (અગરતલા એરપોર્ટ)માં પ્રથમ એરપોર્ટ બનાવ્યું હતું.

નોંધ : (1) મુખ્યમંત્રી ત્રિપુરા ગ્રામ સમૃદ્ધિ યોજના હરઘર આવાસ, આયુષ્માન કવરેજ, વીમા કવચ, KCC (કિસાન ક્રેડિટ કાર્ડ), રસ્તાઓ અને નળના પાણીને પ્રોત્સાહન આપશે.

(2) વિદ્યાજ્યોતિ શાળાઓનું પ્રોજેક્ટ મિશન 100 એ ત્રિપુરા રાજ્યની 100 પ્રવર્તમાન ઉચ્ચ/ઉચ્ચ માધ્યમિક શાળાઓને અત્યાધુનિક સુવિધાઓ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ સાથે વિદ્યાજ્યોતિ વિદ્યાલયોમાં રૂપાંતરિત કરીને શિક્ષણની ગુણવત્તા સુધારવાનો હેતુ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કોવિડ-19 નો નવો પ્રકાર : IHU

કોરોના વાયરસના એમિક્રોન વેરિઅન્ટના ફેલાવા દરમિયાન ફ્રાન્સમાં **IHU** નામના નવા વેરિઅન્ટની શોધ થઈ છે.

- IHU એટલે **'Instituts Hospitalo-Universitaires'** છે.
- તેની શોધની ઘોષણા ફ્રાન્સની **'Instituts Hospitalo-Universitaires (IHU)'**ના સંશોધકો દ્વારા મેડિટરેનિયન ચેપના માર્સેલી ભાગમાં કરવામાં આવી હતી.
- આથી તેનું નામ **IHU** રાખવામાં આવ્યું છે.

### IHU કોવિડ વેરિઅન્ટ્સ

કોરોના વાયરસના નવા પ્રકારનું નામ **IHU** અથવા **B.1.640.2** વેરિઅન્ટ રાખવામાં આવ્યું છે.

- તેમાં **46 મ્યુટેશન** છે જે એમિક્રોન કરતા વધુ છે.

## National Education Alliance For Technology (NEAT) 3.0

તાજેતરમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને **3 જાન્યુઆરી, 2022**ના રોજ ‘નેશનલ એજ્યુકેશનલ એલાયન્સ ફોર ટેકનોલોજી’ (NEAT) 3.0’ લોન્ચ કર્યુ હતું.

- તે દેશના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ એડ–ટેક સોલ્યુશન્સ અને અભ્યાસક્રમો પ્રદાન કરવાના ઉદ્દેશ્ય સાથે પ્લેટફોર્મ તરીકે કાર્ય કરશે.

### NEAT 3.0

નેશનલ એજ્યુકેશનલ એલાયન્સ ફોર ટેકનોલોજી (NEAT) 3.0 એ શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ તકનીકી ઉકેલનો ઉપયોગ કરીને યુવાનોની રોજગાર ક્ષમતા વધારવાની પહેલ છે.

- આ સોલ્યુશન્સ કૃત્રિમ બુદ્ધિમતાનો ઉપયોગ કરીને ચોક્કસ ક્ષેત્રમાં બહેતર શીખવાના પરિણામો અને કૌશલ્ય વિકાસ માટે વ્યક્તિગત અને વૈવિધ્યપૂર્ણ શિક્ષણ અનુભવો બનાવવા માટે કરે છે.
- ખાસ કરીને આર્થિક રીતે વંચિત વિદ્યાર્થીઓમાં ડિજિટલ વિભાજનને દૂર કરવામાં NEAT મહત્ત્વની ભૂમિકા ભજવશે.
- NEAT 3.0 હેઠળ **12 લાખથી** વધુ સામાજિક અને આર્થિક રીતે વંચિત વિદ્યાર્થીઓને રૂ. 253 કરોડથી વધુ મૂલ્યના મફત એડ–ટેક કોર્સ કૂપન આપવામાં આવ્યા છે.
- નોંધનીય છે કે ‘નેશનલ એજ્યુકેશનલ એલાયન્સ ફોર ટેકનોલોજી’ કોરોના મહામારી દરમિયાન જનરેટ થયેલા ‘લર્નિંગ–લોસ’ને ઘટાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**1.** તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહારાજ બીર બિક્રમ (MBB) એરપોર્ટ'ના નવા એકીકૃત ટર્મિનલ ભવનનું ઉદ્દઘાટન કર્યુ હતું. તે કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) મણિપુર (B) ત્રિપુરા

(C) આસામ (D) નાગાલેન્ડ **(B)**

---

**2.** કયા રાજાને ત્રિપુરાના આધુનિક સ્થાપત્યના પિતા તરીકે ઓળખવામાં આવે છે ?

(A) બીર બિક્રમ કિશોર દેબબરમન (B) બીર નરા સિંઘ દેબબરમન

(C) બીર મધુ ચંદ્ર સિંહ દેબબરમન (D) બીર રોહિતચંદ્ર સિંહ દેબબરમન **(A)**

---

**3.** તાજેતરમાં કયા દેશમાં કોવિડ-19ના IHU (Instituts Hospitalo-Universitaires' નામના નવા વેરિઅન્ટની શોધ થઈ છે ?

(A) ફ્રાન્સ (B) ઈંગ્લેન્ડ

(C) જાપાન (D) ન્યુઝિલેન્ડ **(A)**

---

**4.** કોવિડ-19નો નવો વેરિઅન્ટ IHU બીજા અન્ય કયા નામે ઓળખાય છે ?

(A) B.2.541.2 (B) B.3.546.3

(C) B.1.640.2 (D) B.4.681.9 **(C)**

---

**5.** તાજેતરમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને 'નેશનલ એજ્યુકેશનલ એલાયન્સ ફોર ટેકનોલોજી 3.0' લોન્ચ કર્યુ છે તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તે દેશના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ એડ–ટેક સોલ્યુશન્સ અને અભ્યાસક્રમો પ્રદાન કરવાના ઉદ્દેશ્ય સાથે પ્લેટફોર્મ તરીકે કાર્ય કરશે.

(B) તે શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ તકનીકી ઉકેલનો ઉપયોગ કરીને યુવાનોની રોજગાર ક્ષમતા વધારવાની પહેલ છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 6 જાન્યુઆરી, વિશ્વ યુદ્ધ અનાથ દિવસ

## કર્ણાટકનું પ્રથમ LNG ટર્મિનલ

કર્ણાટક સરકારે મેંગ્લોરમાં રાજ્યનું પ્રથમ LNG ટર્મિનલ સ્થાપવા માટે સિંગાપોર સ્થિત LNG એલાયન્સ કંપની સાથે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે.

- ન્યુ મેંગ્લોર પોર્ટ ટ્રસ્ટ (NMPT)ના સહયોગથી કર્ણાટકમાં પ્રથમ LNG ટર્મિનલની સ્થાપના કરવામાં આવશે.
- ટર્મિનલની સ્થાપના માટે સરકારે રૂ. 2,250 કરોડનું રોકાણ કર્યુ છે.
- આ પ્રોજેક્ટથી લગભગ 200 લોકોને સીધી રોજગારી મળશે.
- 2070 સુધીમાં નેટ ઝીરો કાર્બન હાંસલ કરવા માટે વૈકલ્પિક ઈંધણ બજારને વેગ આપવા માટે કેન્દ્ર સરકારની યોજનાના ભાગરૂપે ટર્મિનલની સ્થાપના કરવામાં આવશે.
- આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ મેંગ્લોરની આસપાસ 300 કિ.મી.ની ત્રિજ્યામાં 'લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) સપ્લાય કરવામાં સક્ષમ બનશે.
- નોંધનીય છે કે LNG એ કુદરતી ગેસનું લિક્વિફાઈડ સ્વરૂપ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICMRએ કોવિડ માટે Omisure કીટને મંજૂરી આપી

તાજેતરમાં ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (IMCR)એ SARS-CoV-2 કોરોના વાયરસના ઓમિક્રોન પ્રકારને શોધવા માટે 'Omisure' નામની મેડ–ઈન–ઈન્ડિયા ટેસ્ટ કીટને મંજૂરી આપી છે.

- હાલમાં દેશમાં ઓમિક્રોનને શોધવા માટે વપરાતી કીટ યુ.એસ. સ્થિત વૈજ્ઞાનિક સાધન કંપની થર્મો ફિશર દ્વારા વિકસાવવામાં આવી હતી.
- આ RT-PCR કીટ 'ટાટા મેડિકલ એન્ડ ડાયગ્નોસ્ટિક્સ' દ્વારા બનાવવામાં આવી છે.
- આ કીટ ઓમિક્રોનને શોધવા માટે 'S Gene Target Failure'નો ઉપયોગ કરે છે.



**1.** સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયા દિવસે 'વિશ્વ યુદ્ધ અનાથ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 6 જાન્યુઆરી (B) 7 જાન્યુઆરી

(C) 8 જાન્યુઆરી (D) 9 જાન્યુઆરી **(A)**

**2.** કર્ણાટક સરકારે ..................સ્થળે રાજ્યનું પ્રથમ LNG ટર્મિનલ સ્થાપવા માટે સિંગાપોર સ્થિત LNG એલાયન્સ કંપની સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે.

(A) કેગા (B) મેંગ્લોર (C) બલ્લારી (D) ઉડુપી **(B)**

**3.** LNG વિશે કઈ બાબત સાચી રીતે જોડાયેલ છે ?

(A) તેનું પૂરું નામ લિક્વિફાઈડ નેચરલ ગેસ છે. (B) તે કુદરતી ગેસનું લિક્વિફાઈડ સ્વરૂપ છે.

(C) (A) અને (B) બંને સાચા (D) (A) અને (B) બંને ખોટા **(C)**

**4.** તાજેતરમાં ICMR એ કોવિડ-19ના ઓમિક્રોન પ્રકારને શોધવા માટે કઈ કીટને મંજૂરી આપી છે ?

(A) Omisure (B) Imomicron

(C) Omicronhelp (D) OMIIN **(A)**

**5.** તાજેતરમાં ચર્ચામાં રહેલ Omisure શું છે ?

(A) કોવિડ-19 પરીક્ષણ કીટ

(B) રશિયા દ્વારા પરીક્ષણ કરવામાં આવેલી મિસાઈલ

(C) ફ્રાન્સમાં મળી આવેલ કોવિડ-19 પ્રકાર

(D) ભારતે વિકસાવેલ એક કમ્પ્યૂટર **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ખેલો ઈન્ડિયા ગેમ્સ 2023નું આયોજન મધ્યપ્રદેશમાં કરવામાં આવશે




ભારતમાં રમતગમતની સંસ્કૃતિને પુનર્જીવિત કરવા માટે ખેલો ઈન્ડિયા ગેમ્સની શરૂઆત કરવામાં આવી હતી.

- વર્ષ **2021**ની ખેલો ઈન્ડિયા ગેમ્સ કોવિડ-19 મહામારીના કારણે સ્થગિત કરવામાં આવી હતી.
- પરંતુ હવે તેનું આયોજન **જાન્યુઆરી 2022**માં હરિયાણામાં કરવામાં આવશે.
- જ્યારે ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ **2022-23**નું આયોજન મધ્યપ્રદેશમાં કરવામાં આવશે.
- મધ્યપ્રદેશની કેબિનેટે તાજેતરમાં ભોપાલમાં ગેમ્સનું આયોજન કરવાની મંજૂરી આપી છે.
- ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ 2023માં લગભગ **25 ઈવેન્ટનું** આયોજન કરવામાં આવશે.

## કર્ણાટકમાં કોપ્પલ ટોય ક્લસ્ટર (KOPPAL Toy Cluster) બનાવવામાં આવશે

કોપ્પલ ટોય ક્લસ્ટર એ પ્રથમ ટોય મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટર છે. જેને કર્ણાટકમાં બનાવવામાં આવશે.

- તેને **માર્ચ 2022**થી કાર્યરત કરવામાં આવશે.

### કોપ્પલ ટોય ક્લસ્ટર

કોપ્પલ ટોય ક્લસ્ટર **400 એકર** જમીનમાં સ્થાપવામાં આવશે.

- તેમાં રમકડાં બનાવવા, ટૂલ્સ બનાવવા, પેકેજિંગનું ઉત્પાદન, ઈલેક્ટ્રોનિક્સ વિકસાવવા, પેઈન્ટ બનાવવા વગેરે વસ્તુ શામેલ છે.
- પૂર્ણ થયા પછી ટોય ક્લસ્ટરમાં સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં **100 નાના** અને મોટા ઉત્પાદન એકમો હશે.
- તેમાં સ્થાનિક ઉત્પાદન અને નિકાસ માટેના એકમોનો પણ સમાવેશ થાય છે.
- આ ક્લસ્ટર **રૂ. 4,000 કરોડનું રોકાણ** આકર્ષશે તથા તેનાથી **25,000 સીધી નોકરીઓ** અને એક લાખ પરોક્ષ નોકરીઓનું સર્જન થવાની અપેક્ષા છે.

### મહત્વ

ભારતનો રમકડા ઉદ્યોગ અત્યંત ખંડિત છે.

- ભારતમાં **4,000**થી વધુ રમકડા ઉત્પાદન એકમો કાર્યરત છે.
- જોકે આ એકમોમાંથી **10%** જ સંગઠિત ક્ષેત્રના છે. આથી આવા વધુ ક્લસ્ટર બનાવવા જરૂરી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બ્રાન્ડ ઈન્ડિયા અભિયાન (Brand India Campaign)

ભારતનું વાણિજ્ય મંત્રાલય નવા બજારોમાં ઉત્પાદનો તેમજ સેવાઓની નિકાસને વેગ આપવા માટે 'બ્રાન્ડ ઈન્ડિયા અભિયાન' શરૂ કરવાની યોજના બનાવી રહ્યું છે.

### બ્રાન્ડ ઈન્ડિયા અભિયાન

નાણાકીય વર્ષ **2021-22**માં ભારતની નિકાસ **400 મિલિયન ડોલર**ને વટાવી જશે તે જોતા 'બ્રાન્ડ ઈન્ડિયા અભિયાન' શરૂ કરવામાં આવશે.

- બ્રાન્ડ ઈન્ડિયા અભિયાન ભારત દ્વારા નિકાસ કરવામાં આવતી વસ્તુઓ અને સેવાઓને પ્રોત્સાહન આપવા માટે 'છાતા અભિયાન/છત્રી અભિયાન' **(Umbrella Campaign)** તરીકે કાર્ય કરશે.
- આ અભિયાનમાં જ્વેલરી, કાપડ, ચા, કોફી અને મસાલા જેવા વાવેતર ઉત્પાદનો, સ્વાસ્થ્ય કાળજી, શિક્ષણ, એન્જિનિયરિંગ વગેરે પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.
- તે ગુણવત્તા, ટેકનોલોજી હેરિટેજ, મૂલ્ય અને નવીનતા પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- બ્રાન્ડ ઈન્ડિયા અભિયાન 'ઈન્ડિયા બ્રાન્ડ ઈક્વિટી ફાઉન્ડેશન **(IBEF)**' દ્વારા ચલાવવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વિઝન

આ અભિયાનના વિઝન આ મુજબ છે :

(a) નવા સંભવિત બજારો

(b) ભારતીય પ્રતિભા

(c) પરંપરા અને આધુનિકતા

(d) ડિજિટલ ચેનલો અને આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ્સ દ્વારા પ્રમોશનલ પ્રોગ્રામ્સ

નોંધ : (1) **IBEF** ભારત સરકારની નિકાસ પ્રમોશન એજન્સી છે તેની સ્થાપના **1996**માં વૈશ્વિક બજારોમાં ભારતીય ઉત્પાદનોના વિતરણ અને વેચાણ માટે કરવામાં આવી હતી.

(2) તેની સ્થાપના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળના વાણિજ્ય વિભાગ દ્વારા કરવામાં આવી હતી.

1. ખેલો ઈન્ડિયા ગેમ્સ 2023નું આયોજન કયાં કરવામાં આવશે ?

(A) કેરળ (B) મણિપુર

(C) મધ્યપ્રદેશ (D) મિઝોરમ (C)

2. ખેલો ઈન્ડિયા ગેમ્સ 2022નું આયોજન કયા રાજ્યમાં થશે ?

(A) હરિયાણા (B) રાજસ્થાન (C) ઝારખંડ (D) ઓડિશા (A)

3. નીચેના પૈકી કયા રાજ્યમાં 'કોપ્પલ ટોય ક્લસ્ટર' (Koppal Toy Cluster) બનાવવામાં આવશે ?

(A) કર્ણાટક (B) સિક્કિમ

(C) રાજસ્થાન (D) બિહાર (A)

4. 'કોપ્પલ ટોય ક્લસ્ટર' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) કોપ્પલ ટોય ક્લસ્ટર એ પ્રથમ મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટર છે.

(B) તેમાં રમકડા બનાવવા, ટુલ્સ બનાવવા, પેકેજિંગનું ઉત્પાદન, ઈલેક્ટ્રોનિક્સ વિકસાવવા, પેઈન્ટ બનાવવા વગેરે વસ્તુનો સમાવેશ થાય છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. ભારત સરકારનું કયું મંત્રાલય નવા બજારોમાં ઉત્પાદનો તેમજ સેવાઓની નિકાસને વેગ આપવા માટે 'બ્રાન્ડ ઈન્ડિયા અભિયાન' શરૂ કરવાની યોજના બનાવી રહ્યું છે.

(A) ટેકનોલોજી મંત્રાલય (B) વાણિજ્ય મંત્રાલય

(C) કાપડ મંત્રાલય (D) પર્યાવરણ મંત્રાલય (B)

## દિવસ મહિમા : 8 જાન્યુઆરી, વિશ્વ ટાઈપિંગ દિવસ

## રાષ્ટ્રીય જળ પુરસ્કાર

તાજેતરમાં જળ શક્તિ મંત્રાલય દ્વારા આયોજિત રાષ્ટ્રીય જળ પુરસ્કાર (NWA) 2020માં જળ સંરક્ષણના પ્રયાસો માટે ઉત્તરપ્રદેશને પ્રથમ ક્રમે પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

- શ્રેષ્ઠ રાજ્ય કેટેગરીમાં રાજસ્થાન અને તમિલનાડુને અનુક્રમે બીજો અને ત્રીજો પુરસ્કાર મળ્યો છે.

### રાષ્ટ્રીય જળ પુરસ્કાર

આ પુરસ્કારનું આયોજન જળ શક્તિ મંત્રાલયના જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા સંરક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

- વર્ષ **2018**માં જળ શક્તિ મંત્રાલય દ્વારા પ્રથમ 'રાષ્ટ્રીય જળ પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યો હતો.
- તે સ્ટાર્ટ–અપ્સ તેમજ અગ્રણી સંસ્થાઓને ભારતમાં શ્રેષ્ઠ જળ સંસાધન વ્યવસ્થાપન પદ્ધતિઓ અપનાવવા માટે વરિષ્ઠ નીતિ નિર્માતાઓ સાથે જોડાવવાની સારી તક પૂરી પાડે છે.
- તેઓ દેશભરમાં વ્યક્તિઓ અને સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા સારા કામ અને પ્રયત્નો તથા 'જળ સમૃદ્ધિ ભારત'ના માર્ગ માટે સરકારના વિઝન પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત અને નેપાળ વચ્ચે નવો પુલ

તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે મહાકાલી નદી પર ભારત અને નેપાળને જોડનાર એક નવા પુલના નિર્માણ અને ઉત્તરાખંડના ધારચુલાને નેપાળના ધારચુલા સાથે જોડવાની યોજનાને મંજૂરી આપી છે.

- આ નવો પુલ ત્રણ વર્ષમાં તૈયાર થઈ જશે. તેનાથી બંને દેશ વચ્ચેના સંબંધો પણ વધુ મજબૂત થશે.
- ભારત અને નેપાળ મિત્રતા અને સહયોગના અનોખા સંબંધો શેર કરે છે.
- આ પુલના નિર્માણથી ઉત્તરાખંડ અને નેપાળના ધારચુલા વિસ્તારમાં રહેતા લોકોને મદદ મળશે.

નોંધ : મહાકાલી નદીને ઉત્તરાખંડમાં શારદા નદી અથવા કાલી ગંગા તરીકે પણ ઓળખવામાં આવે છે.

1. સમગ્ર વિશ્વમાં દર વર્ષે 'વિશ્વ ટાઈપિંગ દિવસ' કયા દિવસે ઉજવવામાં આવે છે ?

(A) 7 જાન્યુઆરી (B) 8 જાન્યુઆરી

(C) 9 જાન્યુઆરી (D) 10 જાન્યુઆરી (B)

2. તાજેતરમાં જળ શક્તિ મંત્રાલય દ્વારા આયોજિત 'રાષ્ટ્રીય જળ પુરસ્કાર' (NWA) 2020માં જળ સંરક્ષણના પ્રયાસો માટે કયા રાજ્યને પ્રથમ ક્રમે પુરસ્કાર આપવામાં આવ્યો હતો ?

(A) ઉત્તર પ્રદેશ (B) કેરળ (C) ગુજરાત (D) હરિયાણા (A)

3. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય જળ પુરસ્કાર (NWA) 2020 આપવામાં આવ્યો હતો તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ પુરસ્કાર અંતર્ગત પ્રથમ ક્રમે ઉત્તરપ્રદેશ રાજ્યને પુરસ્કાર આપવામાં આવ્યો છે ત્યારબાદ રાજસ્થાન અને તમિલનાડુને બીજો અને ત્રીજો પુરસ્કાર આપવામાં આવ્યો છે.

(B) આ પુરસ્કારનું આયોજન જળ શક્તિ મંત્રાલયના જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા સંરક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

4. નીચેના પૈકી કઈ નદી પર ભારત અને નેપાળને જોડતા પુલનું નિર્માણ કરવામાં આવશે ?

(A) મહાકાલી (B) ગંડક

(C) તીસ્તા (D) એકપણ નહીં (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે 'ગુજરાત વીજ નિયમન પંચ GERC'ના અધ્યક્ષ તરીકે શ્રી અનિલ મુકીમને શપથ લેવડાવ્યા**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાત વીજ નિયમન પંચ GERCના અધ્યક્ષ તરીકે પૂર્વ મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. ભૂતપૂર્વ અધ્યક્ષ શ્રી આનંદ કુમારની મુદત પૂરી થયા પછી આ પદ ખાલી પડ્યું હતું. શ્રી અનિલ મુકીમ 1985 બેચના IAS અધિકારી છે. તેઓ તાજેતરમાં ગુજરાતના મુખ્ય સચિવ પદેથી નિવૃત્ત થયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **ગુજરાતમાં 15 થી 18 વર્ષની ઉંમરના બાળકો માટે કોરોના વેક્સિનેસનનો પ્રારંભ**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાત રાજ્યમાં 15 થી 18 વર્ષની વયના બાળકોને કોરોના વેક્સિન આપવાના અભિયાનનો ગાંધીનગરના કોબાની જી.ડી.એમ. કોબાવાલા હાઈસ્કૂલથી પ્રારંભ કરાવ્યો હતો. રાજ્યમાં 18 વર્ષની વયના અંદાજે 35 લાખથી વધુ બાળકોને કોરોના વેક્સિનેશન ડ્રાઈવ અન્વયે તારીખ 3 થી 9 જાન્યુઆરી સુધી આવરી લેવાશે.

## ભારત

➤ **જમ્મુ અને કાશ્મીરમાં 'જિલ્લા ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ'**

કેન્દ્ર સરકાર દ્વારા 'જમ્મુ અને કાશ્મીર'માં ટૂંક સમયમાં જ 'જિલ્લા ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ' વિકસાવવામાં આવશે, જેનાથી જમ્મુ અને કાશ્મીર આ પ્રકારનો ઈન્ડેક્સ મેળવનાર પ્રથમ કેન્દ્રશાસિત પ્રદેશ બનશે. વડાપ્રધાન કાર્યાલય હેઠળના વહીવટી સુધારણા અને જાહેર ફરિયાદ વિભાગ આ સંબંધમાં જમ્મુ અને કાશ્મીર પ્રશાસન સાથે કામ કરી રહ્યું છે. રાજ્યના તમામ વીસ જિલ્લાઓમાં ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ તૈયાર કરવામાં આવશે. જેનો ઉદ્દેશ વિવિધ જિલ્લાઓમાં વહીવટી સુધારણા સુનિશ્ચિત કરવાનો છે. આ ઈન્ડેક્સ કાર્યાલયોમાં નિયત સમયમાં ફાઈલો અને અન્ય બાબતોનો નિકાલ કરવામાં મદદ કરશે.

➤ **5G માઈક્રોવેવ શોષક**

તાજેતરમાં કેરળમાં એક વૈજ્ઞાનિક જૂથે '5G માઈક્રોવેવ શોષક' વિકસાવ્યું છે. જે ઈલેક્ટ્રોમેગ્નેટિક રેડિયેશન સામે અસરકારક રક્ષણાત્મક કવચ તરીકે કામ કરી શકે છે. નોંધનીય છે કે સ્માર્ટ અને અદ્યતન ઈલેક્ટ્રોનિક ઉપકરણોની વધતી જતી શોધે વિશ્વને 'ઈલેટ્રિકકોમેગ્નેટિક પ્રદૂષણ'ના અનિવાર્ય જોખમમાં મૂકયું છે. આ 5G માઈક્રોવેવ શોષક કેરળના સંશોધકો દ્વારા વિકસાવવામાં આવેલ 'મેનાઈટ ઈલેક્ટ્રોઈડ' જે રાસાયણિક રીતે સ્થિર છે. તેણે ઉચ્ચ આવર્તન ક્ષેત્રમાં ખાસ કરીને 5G બેન્ડમાં અસાધારણ માઈક્રોવેવ શોષણ ક્ષમતા દર્શાવી છે.

➤ **પ્લાન બી (Plan Bee)**

પ્લાન બી ઉત્તરી રેલવે સીમા દ્વારા લોન્ચ કરવામાં આવ્યો હતો. તેનો ઉદ્દેશ હાથીઓને રેલવે ટ્રેકથી દૂર રાખવાનો છે. આ યોજનાને તાજેતરમાં ભારતીય રેલવે તરફથી શ્રેષ્ઠ નવીનતાનો એવોર્ડ મળ્યો હતો. આ યોજના રેલવે ટ્રેક સાથે કેટલાક સાધનો સ્થાપિત કરે છે. આ સાધનો મધમાખીઓના ઝૂંડનો ગુંજારવ અવાજ ઉત્પન્ન કરે છે. મધમાખીઓના અવાજથી હાથીઓ ચિડાઈ જાય છે. અને અવાજથી દૂર રહેવાનો પ્રયત્ન કરે છે. આમ ગુંજતો અવાજ બનાવીને આ ઉપકરણ હાથીઓને ટ્રેકથી દૂર રાખે છે.

## વિશ્વ

➤ **સુદાનના વડાપ્રધાને રાજીનામું આપ્યું**

સુદાનની રાજધાની ખાર્તુમમાં ભારે વિરોધ બાદ સુદાનના વડાપ્રધાન શ્રી અબ્દલ્લા હમડોકેએ 2 જાન્યુઆરી, 2022ના રોજ તેમના રાજીનામાની જાહેરાત કરી હતી. સૈન્ય સાથે સત્તાની વહેંચણી માટે વડાપ્રધાન દ્વારા તાજેતરમાં કરાયેલી સમજૂતી સામે આ વિરોધ થઈ રહ્યો હતો. વિરોધીઓએ સંપૂર્ણ નાગરિક શાસનની માંગ કરી હતી પરંતુ સેનાએ તેમની સામે વધુ એક હિંસક કાર્યવાહી કરી હતી. જેના કારણે બે લોકોના મૃત્યુ થયા હતા. સુદાન ઉત્તરપૂર્વ આફ્રિકન દેશ છે.

➤ **કેપ્ટન હરપ્રીત ચંડી**

32 વર્ષીય ભારતીય મૂળના બ્રિટિશ શીખ આર્મી ઓફિસર અને ફિઝિયોથેરાપીસ્ટ કેપ્ટન હરપ્રીત ચંડી દક્ષિણ ધ્રુવ પર ટ્રેકિંગ અભિયાન એકલાએ પૂરું કરીને ઈતિહાસ રચ્યો છે. આવું કરનાર તેઓ પ્રથમ અશ્વેત મહિલા બની ગયા છે. તેઓ હાલમાં લંડનની ક્વીન મેરી યુનિવર્સિટીમાં સ્પોર્ટ્સ એન્ડ એક્સરસાઈઝ મેડિસનમાં માસ્ટર્સ કરી રહ્યા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ ઉત્તર કોરિયાએ હાઈપરસોનિક મિસાઈલ લોન્ચ કરી

ઉત્તર કોરિયાએ 5 જાન્યુઆરી, 2022ના રોજ 'હાઈપરસોનિક મિસાઈલ' લોન્ચ કર્યુ હતું, જેણે લક્ષ્યને સફળતાપૂર્વક નષ્ટ કર્યુ હતું. ઓક્ટોબર 2021 પછી ઉત્તર કોરિયા દ્વારા આ પ્રથમ પરીક્ષણ હતું. નોંધનીય છે કે ઉત્તર કોરિયાએ સપ્ટેમ્બર 2021માં હાઈપરસોનિક મિસાઈલનું પરીક્ષણ કર્યુ હતું. ઉત્તર કોરિયાના તાજેતરના પરીક્ષણમાં 'હાઈપરસોનિક ગ્લાઈડિંગ વોરહેડ' રોકેટ બૂસ્ટરથી અલગ થઈ ગયું હતું અને 700 km દૂરના લક્ષ્યનો નાશ કર્યો હતો. હાઈપરસોનિક શસ્ત્રો સામાન્ય રીતે બેલિસ્ટિક મિસાઈલો કરતા ઓછી ઊંચાઈએ લક્ષ્યો તરફ ઊડે છે. આવા શસ્ત્રો અવાજ ઝડપ કરતા પાંચ ગણી વધુ ઝડપ મેળવી શકે છે. જે લગભગ 6,200 કિ.મી. પ્રતિ કલાક છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ શ્રી સ્ટીફન હોકિંગ

8 જાન્યુઆરી, 2022ના રોજ ગુગલે એક એનિમેટેડ ડૂડલના માધ્યમથી વિશ્વ પ્રસિદ્ધ બ્રહ્માંડ વિજ્ઞાની, લેખક અને ભૌતિક વિજ્ઞાની સ્ટીફન હોકિંગને તેમની 80મી જન્મ જયંતી પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. શ્રી સ્ટીફન હોકિંગનો જન્મ 8 જાન્યુઆરી, 1942ના રોજ ઈંગ્લેન્ડના ઓક્સફર્ડ ખાતે થયો હતો. તેમના વૈજ્ઞાનિક સંશોધનમાં શ્રી રોજર પેનરોઝ સાથે મળીને આપેલી 'બ્લેડ હોલ' વિશેની સમજણ, બ્લેક હોલમાંથી રેડિયેશન બહાર નીકળે છે તેની માહિતી, જે હોકિંગ રેડિયેશન તરીકે ઓળખાય છે તે તથા બિગ બેન્ગ થિયરીનું સમર્થન વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સાપેક્ષવાદ અને ક્વોન્ટમ થિયરીના સમન્વયથી શ્રી સ્ટીફન હોકિંગે 'થીયરી ઓફ કોસ્મોલોજી'નો સિદ્ધાંત આપ્યો હતો.

GPSC
7700+ TOTAL QUESTIONS
GPSC CLASS 1/2, STI, PI, Dy. SO,
Dy. MAMLATDAR, A.O.,
GUJ ENGINEERING SERVICE, તથા
લેક્ચરર અને આસિસ્ટન્ટ પ્રોફેસરના
પેપરોનો સમાવેશ




www.iceonline.in

## ICE ? Questions

- ગુજરાત વીજ નિયમન પંચ – GERCના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

  – શ્રી અનિલ મુકીમ

- શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 15 થી 18 વર્ષની ઉંમરના બાળકો માટે કોરોના વેક્સિનેસનનો પ્રારંભ ક્યાંથી કરાવ્યો હતો ?

  – ગાંધીનગરના કોબાની જી.ડી.એમ. કોબાવાલા હાઈસ્કૂલથી

- કેન્દ્ર સરકારની તાજેતરની જાહેરાત મુજબ કયા કેન્દ્રશાસિત પ્રદેશમાં ટૂંક સમયમાં 'જિલ્લા ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ' વિકસાવવામાં આવશે ?

  – જમ્મુ કાશ્મીર

- તાજેતરમાં સુદાનના કયા વડાપ્રધાને રાજીનામું આપ્યું છે ?

  – શ્રી અબ્દલ્લા હમડોકેએ

- તાજેતરમાં કયા રાજ્યના વૈજ્ઞાનિકોએ '5G માઈક્રોવેવ શોષક' વિકસાવ્યું છે ?

  – કેરળ

- ભારતીય મૂળની કઈ વ્યક્તિએ દક્ષિણ ધ્રુવ પર ટ્રેકિંગ અભિયાન એકલાએ પૂરું કરીને ઈતિહાસ રચ્યો છે ?

  – કેપ્ટન હરપ્રીત ચંડી

- ઉત્તરી રેલવે સીમાની કઈ યોજનાને તાજેતરમાં ભારતીય રેલવે તરફથી શ્રેષ્ઠ નવીનતાનો એવોર્ડ મળ્યો છે ?

  – પ્લાન બી



1. તાજેતરમાં સમાચારોમાં રહેલ KSLV-11 નુરી રોકેટ, કયા દેશનું પ્રથમ સ્વદેશી નિર્મિત અવકાશ પ્રક્ષેપણ વ્હીકલ છે ? – દક્ષિણ કોરિયા

2. કયા દેશે 'Better Health Smoke-Free' અભિયાન શરૂ કર્યુ છે ? – યુકે

3. ફાઈનાન્સિયલ સ્ટેબિલિટી રિપોર્ટ (FSR) કઈ સંસ્થા દ્વારા બહાર પાડવામાં આવેલ મુખ્ય અહેવાલ છે ? – રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા

4. સબાહ અલ– ખાલિદ અલ–સબાહ કયા દેશના વડાપ્રધાન છે ? – કુવૈત

(સબાહ અલ–ખાલિદ અલ–સબાહ કુવૈતના વડાપ્રધાન છે. કુવૈતે તાજેતરમાં નવા નાણાંમંત્રી અને ત્રણ વિપક્ષી સાંસદો સાથે નવી કેબિનેટની રચના કરી હતી.)

5. કેરળના કોટ્ટાયમમાં..............ના રોજ સંત કુરિયાકોસ એલિયાસ ચાવરાની 150મી પુણ્યતિથિ નિમિત્તે ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. – 3 જાન્યુઆરી, 2022

6. કયા કેન્દ્રીય મંત્રાલયે 6G ટેકનોલોજી પર 6 ટાસ્ક ફોર્સની રચના કરી છે ? – સંચાર મંત્રાલય

7. અમેરિકન જનગણના બ્યૂરો અનુસાર 1 જાન્યુઆરી, 2022ના રોજ વિશ્વની અંદાજિત વસતી કેટલી છે ? – 7.8 બિલિયન

8. Zero Tillage Technology શું છે ? – કૃષિ પદ્ધતિ

(ઝીરો ટીલેજ ટેકનોલોજી એ એક કૃષિ પદ્ધતિ છે. તે કાયમી માટીના આવરણને જાળવી રાખે છે તથા જમીનમાં થતી કુદરતી જૈવિક પ્રક્રિયાઓને વધારે છે. તે સતત પાકના ઉત્પાદનમાં સુધારો કરે છે અને જમીનના પોષણમાં વધારો કરે છે.)

9. કઈ રાજ્ય સરકારે ગરીબોની માલિકીના દ્વિચક્રી વાહનો માટે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર રૂ. 25નો ઘટાડો કર્યો છે ? – ઝારખંડ

(ઝારખંડના મુખ્યમંત્રીશ્રીએ ગરીબોની માલિકીના દ્વિચક્રી વાહનો માટે પેટ્રોલ અને ડિઝલના ભાવમાં પ્રતિ લિટર રૂ. 25ની છૂટ આપવાની જાહેરાત કરી હતી. દર મહિને 10 લિટર પેટ્રોલ પર છૂટ આપવામાં આવશે. ગરીબ રેશનકાર્ડ ધારકોના બેંક ખાતામાં 25 રૂપિયા પ્રતિ લિટરની રકમ ટ્રાન્સફર કરવામાં આવશે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**10.** તાજેતરમાં કયા દેશે 25 ચાઈનીઝ J-10C ફાઈટર જેટ ખરીદયા છે ? – પાકિસ્તાન

**11.** શિલોંગ ચેમ્બર કોયર ના સ્થાપકનું નામ જણાવો ? – નીલ નોંગકિરીન્હ

(શિલોંગ ચેમ્બર કોયર'ના સ્થાપક અને જાણીતા સંગીતકાર શ્રી નીલ નોંગકિરીન્હનું તાજેતરમાં 51 વર્ષની વયે નિધન થયું છે.)

**12.** 'સીમા ભવાની' બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF)ની કઈ ટીમનું નામ છે ? – મહિલા બાઈકર ટીમ

(સીમા ભવાની સીમા સુરક્ષા દળ (BSF)ની મહિલા બાઈકર ટીમ છે. આ ટીમ ગણતંત્ર દિવસ પર પોતાની પ્રતિભા દર્શાવશે.)

**13.** ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય ઉડાન એકેડેમી (IERUA), જે તાજેતરમાં સમાચારોમાં હતી, તે કયા રાજ્યમાં આવેલી છે ?

– ઉત્તરપ્રદેશ

**14.** 'બ્લૂ બુક' જે તાજેતરમાં સમાચારોમાં હતી, તે કયા સશસ્ત્ર દળ/જૂથનું મેન્યુઅલ છે ?

– સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ (SPG)

(બ્લૂ બુક Special Protection Group-SPG એ ખાસ કરીને ભારતના વડાપ્રધાનનું રક્ષણ કરે છે.)

**15.** તાજેતરમાં સમાચારમાં રહેલ 'ખુંટકટ્ટી કાયદો' કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશ સાથે સંકળાયેલ છે ?

– ઝારખંડ

**16.** જાપાને તાજેતરમાં કયા દેશ સાથે 'રેસિપ્રોકલ એક્સેસ એગ્રીમેન્ટ' (RAA) પર હસ્તાક્ષર કર્યા છે ?

– ઓસ્ટ્રેલિયા




**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT